# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

## શનિવાર, તા.૧૮મી જુલાઇ, ૨૦૨૬

### ૪૦૨.જાહેર હિસાબ સમિતિની બેઠકો

**જાહેર હિસાબ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજ મળી હતી**. ઉક્ત બેઠકમાં સમિતિએ **ગૃહ વિભાગને** સંબંધિત સન ૨૦૨૧–૨૨ના વિનિયોગ હિસાબોના અનુદાનોની અને **નાણા વિભાગને** સંબંધિત સન ૨૦૧૭–૧૮ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તથા તે પરના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મહેસૂલ પ્રાપ્તિ) અને (આર્થિક ક્ષેત્ર)ના ફકરાઓની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો–ભલામણો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

**જાહેર હિસાબ સમિતિની બેઠક બુધવાર, તા.૦૮/૦૭/૨૦૨૬ના રોજ મળી હતી.** ઉક્ત બેઠકમાં સમિતિએ **ઉદ્યોગ અને ખાણ વિભાગને** સંબંધિત સન ૨૦૧૬–૧૭ના વિનિયોગ હિસાબોના અનુદાનોનાની તા.૩૧/૧૨/૨૦૨૫ના રોજની બેઠકમાં પડતર રાખેલ વિગતવાર ખુલાસાના પાના નં.૩૫ પરના અનુદાન નં.૪૯ની તથા સન ૨૦૧૭–૧૮ના વિનિયોગ હિસાબોના અનુદાનોની અને **બંદર પ્રભાગને** સંબંધિત સન ૨૦૧૭–૧૮ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**